For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



# મોદી સરકારે દેશના અમુક ધનિક લોકોના 16 લાખ કરોડ માફ કર્યા : રાહુલ ગાંધી



**સંઘપ્રદેશ** દમણમાં રાહુલ ગાંધીના કેન્દ્રની ભાજપા સરકાર અને પ્રદેશના પ્રશાસક ઉપર આકરા પ્રહાર

**દિલ્હીમાં** બેઠેલી ભાજપા સરકારે રાજાશાહી શાસન ચલાવવા દમણમાં પ્રફુલ પટેલને મોકલ્યા

**ખેડૂતના** દેવા માફ કરાયા નથી, નાના વેપારીઓ અને ધંધા રોજગાર ચલાવનારાઓને પૂરા કરી દેવાયા હોવાના આક્ષેપ

**ભાજપ** શાસનમાં લોકો બેરોજગાર થયા કોંગ્રેસ એવા બેરોજગારોને રોજગારી આપશે

દમણ : સંઘપ્રદેશ દમણમાં કોંગ્રેસ પાર્ટીના નેતા રાહુલ ગાંધીની રવિવારના રોજ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ પાર્ટીના ઉમેદવાર કેતન પટેલના પ્રચાર માટે મોટી દમણ લાઈટ હાઉસ પાસે આયોજિત જનસભામાં કોંગ્રેસના નેતા રાહુલ ગાંધી સાંજે ચાર કલાકે મોટી સંખ્યામાં ઉપસ્થિત જનમેદની વચ્ચે પહોંચ્યા હતા. તેમણે તેમના ભાષણમાં જણાવ્યું હતું કે, હાલની લોકસભાની ચૂંટણી બે મોટી વિચારધારાઓ વચ્ચે લડાવા જઈ રહી છે. પ્રદેશની ઓળખ, તેની ભાષા, તેની પરંપરાની રક્ષા કરવાનો ઉદ્દેશ્ય કોંગ્રેસ પાર્ટીનો રહ્યો છે. જ્યારે તેનાથીવિપરીત ભાજપા અને આર.એસ.એસ. એક દેશ, એક ભાષા અને એક લીડર હોવાની વિચારધારા સાથે ચાલી રહ્યાં છે. તેમના ભાષણમાં રાહુલ ગાંધીએ જણાવ્યું કે, અગાઉની સદીમાં દમણમાં રાજાશાહી શાસન હતું. જ્યારે આજે દિલ્હીમાં બેઠેલી ભાજપા સરકાર દ્વારા રાજાશાહી નીતિ અપનાવી દમણમાં રાજાશાહી શાસન ચલાવવા પ્રફુલભાઈ પટેલને રાજ કરવા હેતુથી મોકલ્યા હતાં. રાહુલ ગાંધીએ તેમના ભાષણમાં પ્રશાસન પ્રફુલ પટેલ વિરુદ્ધ આકરા પ્રહાર પણ કર્યા હતા. વધુમાં રાહુલ ગાંધીએ જણાવ્યું કે, કોંગ્રેસ પાર્ટી સંવિધાનની રક્ષા કરવા ચૂંટણી લડી રહી છે. જ્યારે ભાજપ દેશના અમુક ધનિક લોકોને ફાયદો પહોચાડવા સંવિધાનને ખતમ કરવા ઈચ્છી રહી છે. મોદી સરકાર દ્વારા દેશના અમુક ધનિક લોકોના 16 લાખ કરોડ રૂપિયા માફ કર્યા છે. 25 વર્ષ સુધી મનરેગા યોજનામાં વાપરી શકાય એટલા રૂપિયા માફ કરી દેવામાં આવ્યા છે. આજે ખેડૂતના દેવા માફ કરવામાં આવ્યા નથી. બેરોજગારો, વિદ્યાર્થીઓના દેવા માફ કરવામાં આવ્યા નથી. નાના વેપારીઓ અને ધંધા રોજગાર ચલાવનારાઓને પૂરા કરી દેવાયા છે. અંતમાં રાહુલ ગાંધીએ લોકોને જણાવ્યું કે, કોંગ્રેસની સત્તા આવ્યા પછી કરોડો ગરીબ પરિવારનું એક લિસ્ટ બનાવાશે. અને એમાંથી એક મહિલાનું નામ પસંદ કરવામાં આવશે અને તેના બેંક ખાતામાં દર મહિને 8,500 લેખે વર્ષે 1 લાખ રૂપિયા જમા કરવામાં આવશે, એવું જણાવ્યું હતું. આ સાથે ભાજપ શાસનમાં લોકો બેરોજગાર થયા છે. એવા બેરોજગારોને કોંગ્રસ પાર્ટી રોજગાર આપશે. માછીમારોની બંધ કરવામાં આવેલી ડીઝલની સબસિડી પણ પાછી શરૂ કરવાની ખાતરી લોકોને આપી હતી. માછીમારોની બોટનું ઈનસ્યોરન્સ આપવું તથા માછીમારીને અગ્રિકલચરમાં સમાવેશ કરવાની સાથે અનેક અન્ય યોજનાઓ કોંગ્રેસ પાર્ટી સત્તામાં આવ્યા બાદ લાગુ કરશે. તેમણે

અનુસંધાન પાના ૫ પર

# વરાછામાં બીઆરટીએસ બસચાલકે મોપેડ સવાર મહિલાને ટક્કર મારતાં હોબાળો

**જોકે** મહિલાની સ્પીડ ધીમી હોવાથી ઇજા થઇ નહોતી પરંતુ લોકોએ ડ્રાઇવરને બસમાંથી ઉતારી માર માર્યો

સુરત : સુરતમાં બીઆરટીએસ બસે વધુ એક અકસ્માત સર્જ્યો હતો. વરાછા વિસ્તારમાં બીઆરટીએસ બસના ચાલકે મોપેડ સવાર મહિલાને ટક્કર મારી હતી. જેના પગલે મહિલા અને લોકો વિફર્યા હતા અને બસ ચાલક સાથે બસમાંથી ઉતારી માર માર્યો હતો.

વિસ્તૃત વિગતો મુજબ વરાછા રોડ પર યશ પ્લાઝા પાસે બીઆરટીએસ બસ પસાર થઈ રહી હતી. દરમિયાન મોપેડ લઈ જઈ રહેલી મહિલાને બીઆરટીએસના ચાલકે ટક્કર મારી હતી. જેને પગલે મહિલાએ મોપેડ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. જોકે, મહિલા નીચે નહીં પડ્યા હોવાથી કોઈ ઈજા થઈ ન હતી. દરમિયાન અકસ્માતના પગલે મોટી સંખ્યામાં લોકો એકઠાં થઈ ગયા હતા.

મોપેડ સવાર મહિલા અને એકઠાં થઈ ગયેલા લોકોએ બસના ડ્રાઈવરને બસમાંથી નીચે ઉતારી દીધો હતો. ત્યારબાદ લોકો અને મહિલા વિફરી હતી અને બસ ચાલક અને લોકો, મહિલા વચ્ચે ઝપાઝપી થઈ હતી. બીઆરટીએસના બસ ચાલકો દ્વારા વારંવાર અકસ્માત કરતા હોવાને લઈને લોકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. લોકો પણ સિટી અને બીઆરટીએસના ચાલકો સામે પગલાં લેવા માંગ કરી રહ્યાં છે.

# લિંબાયતમાં જાહેર માર્ગ પરથી માલિકની નજર સામે જ કારની ઉઠાંતરી

**યુવકે** મહિને 35 હજારના ભાડેથી બહુમાળી પાસેના પટેલ ટ્રાવેલર્સને અર્ટીગા કાર આપી હતી

**ત્રણ** મહિનાથી ભાડુ નહીં મળતાં કાર લેવા ગયો, ત્યારે બે જણાંએ ટોળાં ભેગા કર્યા ને કાર લઈ નાસી છૂટ્યા

સુરતઃ ડુંભાલ ટેનામેન્ટ પાસે રહેતા યુવકે મિત્ર થકી પોતાની અર્ટીગા કાર પટેલ ટ્રાવેલર્સ એન્ડ સેલ્ફ ડ્રાઈવને મહિને 35 હજાર ભાડે આપી હતી. પરંતુ તેને ત્રણ મહિનાથી કારનું ભાડુ મળ્યું નહોતું. બાદમાં આરોપીઓ તેની 6.50 લાખની કાર લઈને ભાગી જતા અઠવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ડુંભાલ ટેનામેન્ટની સામે ઓમનગરમાં રહેતા 32 વર્ષીય સમીરખાન ગફારખાન પઠાણ, મહિધરપુરા ખાતે મોબાઈલ ડીસ્ટ્રીબ્યુટરની દુકાનમાં નોકરી કરે છે. તેમણે અઠવા પોલીસ સ્ટેશનમાં ગુલામ મહોમદ ગુલામ દરોગા ઉર્ફે બાબા દરગાહ (રહે. બડેખા ચકલા ખ્વાજાદાન કંપાઉન્ડ), મો.આરીફ અબ્દુલ રઝાક શેખ (રહે.બેગમપુરા કુરચી ફળીયા મહિધરપુરા) અને મિતકુમાર ચંદ્રકાંત રાઠોડ (રહે. નિર્મળનગર સોસાયટી)ની સામે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા મુજબ પાંચેક મહિના પહેલા સમીરે તેના મિત્ર સાજીદને ફોન કરીને પોતાની અર્ટીગા કાર કોઈને ભાડે આપવાની ઈચ્છા જણાવી હતી. જેથી સાજીદે બહુમાળી પાસે પટેલ ટ્રાવેલર્સ એન્ડ સેલ્ફ ડ્રાઈવના પ્રોપાઈટર મિતકુમાર રાઠોડ સાથે સમીરની મુલાકાત કરાવી હતી અને તેને કાર મહિને 35 હજારના

અનુસંધાન પાના ૫ પર

## બારડોલીમાં ક્ષત્રિયોનો હુંકાર, અમે તમને જીતવા દેવાના નથી

# તલવાર મ્યાનમાં મૂકો અને 'મત'નાં હથિયારથી જંગ જીતો: કરણસિંહ ચાવડા

**કેદારેશ્વર** મંદિરે યોજાયેલા સંમેલનમાં ભાજપને તમામ બેઠકો પર હરાવવા ક્ષત્રિયોનો મક્કમ નિર્ધાર

બારડોલી : બારડોલીના કેદારેશ્વર મહાદેવ મંદિરના પાર્ટી પ્લોટમાં હજારો રાજપૂતોની ઉપસ્થિતિમાં ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલનમાં સંબોધન કરતાં રાજપૂત સમાજ સંકલન સમિતિના પ્રવક્તા કરણસિંહ ચાવડાએ હુંકાર કર્યો હતો કે અમે તમને જીતવા દેવાના નથી, અમારી બેન દીકરીની ઈજ્જત ઉછાળી છે, તમે સમજી લેજો કે અમે નાક કાપવાવાળાનું નાક સલામત રહેવા દેતાં નથી.

બારડોલી કેદારેશ્વર મહાદેવ મંદિરના પાર્ટી પ્લોટમાં દક્ષિણ ગુજરાતમાં ભરુચથી વાપી સુધીના રાજપૂત સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કેસરી સાફામાં સજ્જ પુરુષો અને કેસરી સાડી પહેરીને આવેલી મહિલાઓથી આખું મેદાન ભરાય

અનુસંધાન પાના ૫ પર

### જ્યારે મતદાન કરવા જાઓ ત્યારે દીકરીનું મોઢું જોઈને જજો: તૃપ્તિબા રાઓલ

મહિલા પાંખના પ્રમુખ તૃપ્તિબા રાઓલએ જણાવ્યુ હતું કે, લોકશાહીના અધઃપતન માટેની આ લડત છે. આ જ્ઞાતિવાદ નથી પરંતુ જ્ઞાતિ ગૌરવની વાત છે. ઉજળા ઇતિહાસને જ્યારે લાંછન લાગે ત્યારે લડી લેવાની વાત છે. ભલે તમારી પાસે લડવાની તાકાત ન હોય પરંતુ મત એ તમારી સૌથી મોટી તાકાત છે., આપ જ્યારે મત આપવા જાઓ ત્યારે દીકરીનું મોઢું જોઈને જજો. મહિલા આગેવાન દશરથબા પરમારે જણાવ્યુ હતું કે, તેઓ 26 વીંઘાના ખેતરમાં કમળનું વાવેતર કર્યું હતુ પરંતુ ખેતરની ફરતે વિવેકની વાડ કરી ન હતી એટલે કમળના ફૂલનું નિકંદન નીકળી ગયું છે. તલવાર એ હથિયાર નથી પરંતુ મતબેંક આપણી હથિયાર છે. તલવાર મ્યાન કરી દેવાની છે અને મતથી લડવાનું છે. આ પ્રસંગે આગેવાન રમજુભાઈ જાડેજાએ પણ મત એ જ શસ્ત્ર છે અને તેનો ઉપયોગ કરીને ભારતની લોકશાહી બચાવવાની અપીલ કરી હતી.

### રજવાડા અંગે રાહુલ ગાંધીનાં નિવેદન મુદ્દે ચર્ચા બાદ નિર્ણય લેવાશે: કરણસિંહ ચાવડા

બારડોલી : બારડોલીમાં ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલન પૂર્વે રાજપૂત સમાજ સંકલન સમિતિના સભ્યોએ બારડોલી સ્વરાજ આશ્રમની મુલાકાત લીધી હતી. જ્યાં તમામે સરદાર પટેલ અને ગાંધીજીની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી. સ્વરાજ આશ્રમમાં મીડિયા સાથે વાત કરતા કરણસિંહ ચાવડાએ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ રાજા રજવાડા અંગે કરેલા નિવેદનને પણ સખત શબ્દોમાં વખોડી કાઢ્યું હતું. તેમણે રાહુલ ગાંધીના આ નિવેદનને પણ આઘાત જનક જણાવ્યું હતું. આ અંગે રાજપૂત સંકલન સમિતિ દ્વારા યોગ્ય ચર્ચા બાદ નિર્ણય લેવામાં આવશે એમ તેમણે ઉમેર્યું હતું. જોકે હાલ તો ક્ષત્રિય સમાજ સ્ટેન્ડ એકદમ ક્લિયર છે સમાજ જે દિશામાં આગળ વધી રહ્યો છે તેજ દિશામાં આગળ વધશે.



બારડોલી ખાતે યોજાયેલા દક્ષિણ ગુજરાતના ક્ષત્રિયોના સંમેલનમાં ક્ષત્રિયો કેસરી સાફા પહેરીને આવ્યા હતા. જ્યારે ક્ષત્રિયાણીઓ કેસરી સાડી પહેરીને ઉપસ્થિત રહી હતી.

# ઉધનામાં મોબાઈલ એસેસરીઝ બનાવતા કારખાનામાં ભીષણ આગ

**ત્રણેક** કલાકની જહેમતે આગ કાબૂમાં આવી, તમામ એસેસરીઝનો સંપૂર્ણ જથ્થો સ્વાહા



આગ હી આગ

સુરતઃ ઉધના સ્થિત લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીમાં મોબાઈલની એસેસરીઝ બનાવતા એક કારખાનામાં શનિવારે મધરાત્રે આગ ભભૂકી ઉઠી હતી. આગે જોત જોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતા આખું કારખાનું આગની લપેટમાં આવી જતા તેમાં સ્ટોર કરેલોમોબાઈલ એસેસરીઝનોતમામ જથ્થો બળીને ખાક થઇ ગયો હતો. ઘટનાનો કોલ મળતાનીસાથે જ ઉધના, માનદરવાજા, ભેસ્તાન ફાયર સ્ટેશનોની 7થી 8 ગાડીઓ ઘટના સ્થળે પહોંચીને આગ ઓલવવાની કવાયતમાં લાગી ગઈ હતી.

પ્રાપ્ત જાણકારી મુજબ, ઉધના લક્ષ્મીનારાયણ ઈન્ડસ્ટ્રીના પ્લોટ નંબર 110 અને 111માં પહેલા માળ ઉપર ટ્રાસ્ટિક ઈનોવેશન નામનું મોબાઈલ એસેસરી બનાવતું કારખાનું આવ્યું છે. મધરાત્રે 3:30 કલાકે તેમાં આગ લાગી ગઈ હતી. આગ ઝડપભેર આખા કારખાનામાં ફેલાવવા લાગી હતી.

અનુસંધાન પાના ૫ પર

# સિવિલમાં ગંભીર દર્દીઓ માટે ફાળવાયેલું પોર્ટેબલ એક્સ-રે મશીન ગાયબ!

**દર્દીઓના** બેડ પર જ એક્સ-રે કરી શકાય તેવા એક્સ-રે મશીનને બંધ રૂમમાં ધૂળ ખાવા મૂકી દેવાયું હોવાનો ઘટસ્ફોટ

**ઉઠી-ચાલી** ન શકતાં ગંભીર દર્દીઓને એક્સ-રે કરાવવા કલાકો સુધી લાઇનમાં ત્રાસ વેઠવો પડે છે, સિવિલ તંત્રની ફરી નફ્ફટાઈ

સુરતઃ નવી સિવિલ હોસ્પિટલના તંત્રની વધુ એક બેદરકારીનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગંભીર દર્દીઓની સુવિધા માટે ફાળવાયેલું પોર્ટેબલ એક્સ-રે મશીન એક રૂમમાં બંધ કરી દેવાયું છે. જેને પગલે ઈમરજન્સી વિભાગમાં સારવાર માટે આવતા ગંભીર દર્દીઓને એક્સ-રે માટે ભટકવું પડી રહ્યું છે. કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવું પડે છે. ઈમરજન્સી વિભાગ હોવાથી અહીં દર્દીઓ 108 એમ્બ્યુલન્સ સહિત ઈમરજન્સી વાહનમાં આવતા હોય છે. અકસ્માત, ફોલ ડાઉન જેવા અનેક કિસ્સાઓમાં દર્દી પોતાની જગ્યાએથી ખસી પણ નથી શકતો. ઘણાં દર્દીઓ સ્ટ્રેચર અને વ્હીલચેર પર હોય છે, તેમ છતાં તેઓને એક્સ-રે પડાવવા માટે સમસ્યાનો સામનો કરવો પડે છે. એવું નથી કે હોસ્પિટલમાં કોઈ વ્યવસ્થા નથી, પરંતુ તેનો યોગ્ય ઉપયોગ થઈ રહ્યો નથી. હોસ્પિટલમાં આવા ગંભીર દર્દીઓ માટે પોર્ટેબલ એક્સ-રે મશીન હોવા છતાં તેનો ઉપયોગ કરવામાં આવતો નથી. તે મશીનને એક બંધ રૂમમાં મૂકી રાખવામાં આવ્યું છે. જેને પગલે તે મશીન ધૂળ ખાઈ રહ્યું છે. જે રૂમમાં મશીન રાખવામાં આવ્યું છે, ત્યાં સ્ટ્રેચર અને વેન્ટિલેટર જેવી ઘણી વસ્તુઓ રાખવામાં આવી છે. તેમની વચ્ચે પોર્ટેબલ એક્સ-રે મશીન મુકવામાં આવ્યું છે. જો આ મશીન ચાલુ કરી દેવામાં આવે તો રોજના આશરે 100થી વધુ દર્દીઓના બેડ પર એક્સ-રે કરી શકાય અને દર્દીઓ તેમજ તેમના સગાઓને મોટી રાહત થાય તેમ છે.

ટ્રોમા સેન્ટરમાં રોજના 300થી વધુ દર્દીઓ સારવાર માટે આવે છે. આમાંથી ઘણા દર્દીઓને એક્સ-રે, સોનોગ્રાફી તેમજ સિટીસ્કેન માટે મોકલવામાં આવે છે. જેમાં ઘણા દર્દીઓ એવા હોય છે જેમની હાલત અતિ ગંભીર હોય છે. જે દર્દી પોતાની જગ્યાએથી ખસી પણ નથી શકતા. તેવા દર્દીઓને કિડની હોસ્પિટલમાં જ એક્સ-રે માટે લાઈનમાં ઉભા રહેવું પડે છે. કેટલીકવાર અહીં બેથી ત્રણ કલાકનો સમય લાગે છે.

ઈમરજન્સી વિભાગના એક ડોકટરે કહ્યું હતું કે, જો આ મશીન માટે કોઈ ઓપરેટર આવે અને પોર્ટેબલ મશીનનો ઉપયોગ કરે તો એક્સ-રે બેડ પર થઈ શકે છે. દર્દીને કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં અને સારવાર પણ ઝડપથી થશે. હોસ્પિટલમાં દરરોજ 800થી 1000 એક્સ-રે ટેસ્ટ કરવામાં આવે છે. આ મશીન આવ્યા બાદ રેડિયોલોજી

અનુસંધાન પાના ૫ પર

## રૂપાલા-ભાજપ સામેનું ક્ષત્રિયોનું આંદોલન નબળું પડ્યાના અણસાર

# 400 ક્ષત્રિય આગેવાનો ભાજપની સાથે, કમલમ પહોંચી મોદીને સમર્થન જાહેર કર્યું

**નજીકના** દિવસોમાં ભાવનગરમાં ભાજપના સમર્થનમાં વિશાળ ક્ષત્રિય સંમેલન યોજવા જાહેરાત, પાટીલે કેસરિયો પહેરાવી સ્વાગત કર્યું

ગાંધીનગરઃ આજે બપોરે રાજ્યભરમાંથી આવેલા અંદાજિત 400 જેટલા શ્રી રાજપૂત સમાજના અગ્રણીઓએ ગાંધીનગરમાં કોબા પાસે કમલમ ખાતે પહોંચીને પ્રદેશ ભાજપના અધ્યક્ષ સી આર પાટીલ સાથે મહત્વની બેઠક કરીને પીએમ નરેન્દ્ર મોદીને પોતાનું સમર્થન જાહેર કર્યુ હતું. પાટીલે રાજપૂત સમાજના અગ્રણીઓને આવકારીને તેઓને કેસરિયો ખેસ પહેરાવીને સ્વાગત કર્યું હતું. રાજપૂત સમાજના આ આગેવાનો દ્વારા નજીકના જ દિવસોમાં ભાવનગર ખાતે વિશાલ સંમેલન આયોજીત કરીને પીએમ મોદીને

અનુસંધાન પાના ૫ પર

### રૂપાલાનો વિરોધ : નર્મદામાં 8 હોદ્દેદારોના ભાજપને 'રામ રામ'



**યુવા** મોરચાના કોષાધ્યક્ષ પુષ્પેન્દ્રસિંહ માત્રોજા, કિસાન મોરચાના મહામંત્રી સુનિલસિંહ ગોહિલ સહિત 8 હોદ્દેદારોએ પાર્ટી છોડી

ભરૂચઃ રાજકોટના ભાજપના ઉમેદવાર પરસોત્તમ રુપાલાનો વિરોધ ક્ષત્રિય સમાજમાં વધતો જાય છે. ભાજપના નેતાઓને ગામમાં પ્રવેશબંધી કર્યા બાદ હવે ભાજપનું કામ કરતા હોદ્દેદારો સમાજ માટે રાજીનામું આપી રહ્યાં છે. નર્મદા જિલ્લામાં રાજપૂત સમાજના ૮ હોદ્દેદારોએ રાજીનામા આપ્યા છે. નર્મદા કમલમ્ ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ પટેલને મળી રાજપૂત આગેવાનોએ સમાજની સાથે રહી પાર્ટી છોડી રહ્યા છે તેમ કહી ૮ જેટલા યુવાનોએ પ્રમુખને સામુહિક રાજીનામા આપ્યા હતા. રાજીનામા ધરનારા પૈકી માત્રોજા પુષ્પેન્દ્રસિંહ-કોષાધ્યક્ષ, યુવા મોરચા,અર્જુનસિંહ ગોહિલ-પેજ પ્રમુખ ગોપાલપુરા, રાજપાલસિંહ ગોહિલ-આઈ.ટી. સેલ, કો કન્વીનર, નર્મદા, મોહનસિંહ ગોહિલ-

અનુસંધાન પાના ૫ પર

# એસીમાં શોર્ટ સર્કિટ થતા કતારગામમાં શૂટિંગ શર્ટીંગની દુકાનમાં આગ ભભૂકી

**સ્ટોરમાં** બે એર કન્ડિશન પૈકી એક એસીના કોમ્પ્રેશરમાં શોર્ટ સર્કિટ થયા બાદ આગ લાગી

**આગ** લાગવાને કારણે કાપડનો જથ્થો, ફર્નિચર બળીને ખાક થઇ ગયું



સુરત : શહેરમાં એસીમાં લગાવેલા કોમ્પ્રેસરમાં શોર્ટ સર્કિટનીઘટનાને કારણે આગ લાગવાની ઘટનાઓમાં સતત વધારો થઇ રહ્યો છે. આજે સવારે કતારગામ વિસ્તારના રેડીમેડ શૂટિંગશર્ટીંગ ગારમેન્ટસ્ટોરમાં તથા પર્વત પાટિયા વિસ્તારનાએક મકાનમાં વહેલીસવારે

અનુસંધાન પાના ૫ પર

### પરવટ પાટિયા પર એસીના કોમ્પ્રેસરમાં ઓવર હિટ થતા આગ

પરવટ પાટિયા વિસ્તારમાં આવેલી પંચવાટી સોસાયટીમાં મકાન નંબર-82માં રહેતા રમેશ અગરવાલ રહે છે. રવિવારે સવારે 6:38 કલાકે તેમના મકાનમાં લગાવેલા એસીનું કોમ્પ્રેસર ઓવર હિટ થયું હતું ત્યારબાદ આગ લાગવાની શરૂઆત થઇ હતી. આગ લગતા પરિવારના સભ્યો દોડીને ઘરની બહાર નીકળી ગયા હતા. પૂણા ફાયર સ્ટેશનની ટીમે ઘટના સ્થળ ઉપર પહોંચીને આગ ઉપર ગણતરીની મિનિટોમાં જ કાબુ કરી લીધો હોવાનું ડુંભાલ ફાયર સબ ઓફિસર પ્રવિણ ટંડેલે જણાવ્યું હતું.

# GST પોર્ટલ કરદાતાઓ માટે મે મહિનાથી વધુ સરળ બનશે

**જૂના** પોર્ટલ પર માત્ર રજિસ્ટ્રેશન ટેબ હતું, હવે લોગીનનો વિકલ્પ પણ મળશે

સુરતઃ GST પોર્ટલ પર તા. 26મી એપ્રિલ 2024ના રોજ એક એડવાઈઝરી જારી કરવામાં આવી છે, જેમાં GST પોર્ટલનું સમગ્ર સ્વરૂપ આગામી મે મહિનાના પહેલા સપ્તાહમાં બદલાઈ જશે, જે કરદાતાઓ અને CA લોકો માટે ખૂબ જ ફાયદાકારક સાબિત થશે.





જૂના GST પોર્ટલ પર પહેલા માત્ર રજીસ્ટ્રેશન ટેબ હતું, હવે કરદાતાઓને લોગીનનો વિકલ્પ પણ મળશે, બીજું, પહેલા ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ લખેલું હતું, હવે ગવર્નમેન્ટ ઓફ ઈન્ડીયા લખેલું મળશે હવે ત્રીજું યુટ્યુબ લખેલું જોવા મળશે. હવે GST પોર્ટલના મીડિયાને ચોથી નિયત તારીખથી જોઈ શકાશે. હવે કરદાતા તે GST R 1, 3B વગેરેની સંપૂર્ણ વિગતો સાથે મળશે. સમાચાર અને અપડેટ્સ પહેલા કોઈ પણ સમાચાર જાણવામાં ઘણી તકલીફ પડતી હતી પરંતુ હવે પોર્ટલ પર તમને એડવાઈઝરી અને સર્ચ ઓપરેશનની સાથે ન્યૂઝ અપડેટ્સ મળશે, જેના દ્વારા તમે કોઈપણ વિષયના સમાચારની વિગતો મેળવી શકશો. 2 વર્ષ જૂના, મહિના અને વર્ષ મુજબ, જે કરદાતાઓ અને CA લોકો માટે ખૂબ ફાયદાકારક સાબિત થશે.એમ કર સલાહકાર નારાયણ શર્મા એ જણાવ્યું હતું.




રૂપિયા સારૂ થયા પછી

વધતી ઉંમરે કમજોરી, વિવાહીત જીવનમાં નિરાશા, ટાઈમીંગમાં કમી, શિઘ્રપતન, નિઃસંતાન, સુગર, બી.પી.થી આવેલી કમજોરી, વિવાહીત જીવનમાં આવેલી કમજોરી, શુક્રાણુની કંકરતા, સ્વપ્નદોષ, નપુસંકતા, વિગેરે

વિશેષ આયુર્વેદિક પદ્ધતિથી દુર કરો અને મન જેવો સંબંધ આજે જ પ્રાપ્ત કરો

સંજીવની આયુર્વેદિક

LG-18, SAR કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર પાસે, ક્રિષ્ના પેટ્રોલ પંપની નજીક, ઉધના દરવાજા, સુરત

Mo : 79845 55202

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા

ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧


| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)

ગુજરાતમિત્ર

જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

**પ્રથમ પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ**

સ્વ.ગુરૂપ્રસાદ મગનલાલ દેસાઈ
સ્વ.તા.૨૯/૦૪/૨૦૨૩

કોણ કહે છે તમે નથી રહયા ? અમારા નામની પાછળ નામમાં, અમારી નસમાં વહેતાં લોહીમાં, અમારી આંખના આંસુમાં, અમારા ચહેરાના આકારમાં, અમારી યાદો અને સમજણમાં આપ આજે પણ છો. ઈશ્વર આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ યાચના.

લિ.

શ્રી અનુપમ ગુરૂપ્રસાદ દેસાઈ (પુત્ર) શ્રીમતિ કિંજલ અનુપમ દેસાઈ (પુત્રવધુ)
શ્રીમતિ કૃતિ અલ્પેશ દેસાઈ (પુત્રી) કુ. ખેવના અનુપમ દેસાઈ (પૌત્રી)
શ્રીમતિ રચના ભાવિક દેસાઈ (પુત્રી) ચિ. નિષ્ઠા, દેવાંશ, દેવાંશુ (દોહિત્રી/દોહિત્ર)
સમસ્ત દેસાઈ પરિવારના
જયશ્રી કૃષ્ણ, રાધા સ્વામી



**ચોથી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**

સ્વ. સરોજબેન સી. જોષી
સ્વ. તા.૨૯/૦૪/૨૦૨૦

આંખો હજુ નિહાળે છે તમને અંતર હજુ પોકારે છે તમને, સ્મરણ તમારું થાય છે અમને મન મુકીને રડાવે છે અમને શ્રદ્ધાંજલિ આપવા ઉપાડી કલમ આંસુથી ભીંજાય ગયા કાગળ. ચોથી પુણ્યતિથિએ કોટી કોટી વંદન.

શોકાતુર: શરદ ડી.નાયક (ભાણેજ), દિના શરદ દેસાઈ, ઈશા રાજેશ દેસાઈ

લિ.
કુ. હર્ષા સી.જોષી (પુત્રી)
શ્રીમતી પૂર્ણીમા ભરત વ્યાસ (પુત્રી)
શ્રી બંકિમ સી.જોષી (પુત્ર)
શ્રીમતી વૈશાલી બંકિમ જોષી (પુત્રવધુ)
સ્વ. તુષાર સી જોષી (પુત્ર)
ગં.સ્વ.મોના તુષાર જોષી (પુત્રવધુ)
સમસ્ત જોષી પરિવાર